# દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરીસમાજ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) નું બંધારણ
## (મેમોરેન્ડમ ઓફ એસોસીએશન)

| | | | |
|---|---|---|---|
| ૧. | **નામ.** | : | ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) નું નામઃ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) રહેશે. |
| ૨. | **કાર્યાલયનું સરનામું** | : | ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ની મધ્યસ્થ કચેરીનું મથક c/o પ્રાથમિક શિક્ષક ભવન માંડવી, જીલ્લો–સુરત મુકામે રહેશે. |
| ૩. | **કાર્યક્ષેત્ર** | : | ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) નું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રહેશે. |
| ૪. | **ન્યાય ક્ષેત્ર** | : | ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ના ન્યાયક્ષેત્ર સમગ્ર ગુજરાત રહેશે. |
| ૫. | **પ્રતિક** | : | ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) નું પ્રતિક **" આમારે વારસો "** **[Our Heritage]** રહેશે. |
| ૬. | **ધ્વજ** | : | ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) નો ધ્વજ પ્રતિક સહીત સફેદ કલરનો લાલ ફૂમતાવાળો એક મીટર લંબાઈનો ધજા આકારનો રહેશે. |
| ૭. | **અભિવાદનના શબ્દો** | : | ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ના અભિવાદનના શબ્દો **(જય ફેડરેશન)** રહેશે. |

## ૮. મીશન.

દક્ષિણ ગુજરાતમાં વસતા આદિવાસી ચૌધરી (અનુ.જન.જાતિ) સમાજના સભ્યોને એક જુથ કરી સામાજીક, શૈક્ષણિક, આરોગ્ય અને વ્યવસાય લક્ષી સુવિદ્યાઓ, આર્થિક સધ્ધરતા પુરી પાડવા, સભ્યોને બંધારણીય હકકો તથા સામાજીક સન્માન, વિકાસની સમાન તક આપવા, સંસ્કૃતિનું જતન કરવા પ્રયત્નશીલ રહી સુશિક્ષિત સુદૃઢ નિરામય વ્યસન તથા બદીમુકત સમાજની રચના ધ્વારા રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપવા માટે કાર્યરત સંસ્થા.

## ૯. ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ટ્રસ્ટના ઉદ્દેશો (હેતુઓ) :

નીચેના હેતુઓ સરકારશ્રીની તથા કાયદાની પ્રવર્તમાન જોગવાઇઓ અન્વયે મેળવવાપાત્ર પૂર્વ પરવાનગી મેળવીને હેતુઓ અનુસાર કામગીરી કરવામાં આવશે.

(૧) રાજયમાં કે રાજય બહાર તથા પરદેશમાં નોકરી ધંધા અર્થે વસતા સમાજના ભાઈઓ તથા બહેનોને સંગઠિત કરવા અને તેમનામાં ભાતૃભાવના પેદા કરવી. સંસ્થા દરેક સભ્ય તથા તેમનાં પરિવાર સાથે એક સેતુ તરીકે કામ કરશે.

(૨) સમાજના સામુહિક ઉત્કર્ષ અને ઉન્નતી માટેના પ્રયાસો કરવા તે માટે આર્થિક, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક તેમજ આરોગ્ય વિષયક મદદ થાય તેવી પ્રવૃત્તિઓ કરવા એક સ્વૈચ્છિક સંસ્થા તરીકે કામગીરી કરવી.

(૩) સમાજના ભાઈ, બહેનો, યુવાનો બાળકો માટે રમત ગમત પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, પ્રવાસોનું આયોજન તથા શૈક્ષણિક માર્ગદર્શન, કારકિર્દી માર્ગદર્શન, વ્યવસાયલક્ષી માર્ગદર્શન કેન્દ્રોનું સંચાલન કરવું.

(૪) સમાજના પ્રગતિશીલ ખેડૂતોને ખેતીલક્ષી–વ્યવસાયલક્ષી આધુનિક પધ્ધતિએ ખેતી વિકાસ માટેના માર્ગદર્શન શિબીરો તથા પ્રવાસનું આયોજન કરવું. ખેતી અંગે તાલિમ, બાગાયત, ટપક પધ્ધતિ, ચેકડેમ વગેરે પ્રવૃત્તિઓ કરવી–કરાવવી.

(૫) સમાજના ભાઇ–બહેનો તથા વિદ્યાર્થી ભાઇ–બહેનો માટે શૈક્ષણિક સુવિધાઓ માટે શાળા–કોલેજ– હોસ્ટેલની સુવિધાઓ ઉભી કરી સંચાલન કરવું. સમાજ ભવન–વાડી, વૃધ્ધાશ્રમ વગેરે પાયાની સગવડો ઉભી કરવી તથા તેનું સંચાલન/માર્ગદર્શન કરવું. અને તેના સંચાલન માટે કર્મચારીઓની ભરતી/નિમણૂંકો કરવી.

(૬) સમાજના રૂઢિગત પ્રણાલિકાઓ, ભાષા (બોલી) અને સાંસ્કૃતિનો નાશ થતો અટકાવી તેના રક્ષણ અને જતન માટેના પ્રયાસો કરવા, સમાજમાં વ્યાપ્ત કુરીવાજો નાબુદ કરવા પ્રયાસો કરવા તથા સમાજ બિનસાંપ્રદાયિક રાષ્ટ્રીય પ્રવાહમાં ભળીને ઉન્નત મસ્તકે જીવી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવા પ્રયત્નો કરવા.

(૭) સમાજનાં ભાઈ બહેનોમાં જ્ઞાનની સાથે સાથે શૈક્ષણિક પ્રગતિ, સામાજીક પ્રગતિ, વિકાસ અને સુધારા અંગે બહોળા પ્રચાર–પ્રસાર માટે જરૂરી પગલાં ભરવા પુસ્તકાલયો શરૂ કરવા સમાજ મારફતે સમાજનું માસિક છ–માસિક અથવા વાર્ષિક મુખપત્ર શરૂ કરવું. કારોબારી નકકી કરે તે લવાજમ રાખવું.

(૮) સમાજનાં લોકોને જીવન જરૂરિયાતની તેમજ સાહિત્ય સ્ટેશનરી જેવી ઈતર ચીજ વસ્તુઓ પુરી પાડવા તથા છાપકામ છાપી આપવા કો–ઓપરેટીવ ધોરણે પ્રિન્ટીંગ પ્રેસ, કન્ઝુમર્સ સ્ટોર્સ, કેન્ટીન, પેટ્રોલ–ગેસ એજન્સી, દવાની દુકાન, ખેતીવાડીના સાધનો, ખાતર ડેપો, બિયારણ, વ્યાજબી ભાવની દુકાન વગેરે ચલાવવા. આ કામે કર્મચારીઓની ભરતી/નિમણૂંકો કરવી.

(૯) રાજય તથા કેન્દ્ર સરકારશ્રીના શૈક્ષણિક, આરોગ્ય, આર્થિક અને સામાજીક ઉત્કર્ષ માટેનું કોઈપણ અનુદાન મેળવી શકશે.

(૧૦) સમાજથી દુર નોકરી ધંધાર્થે શહેરો–નગરોમાં વસતા જાતિ બંધુઓને મળવાનું માધ્યમ ન હોવાથી એકબીજાની સાથે હળીમળી શકતા નથી તો આ ફેડેરેશન દરેક સભ્યો તથા તેમનાં પરિવારજનોનાં સેતુ તરીકે કામગીરી કરશે.

(૧૧) ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ધ્વારા વર્ષમાં એકવાર રોટેશન મુજબ જુદા જુદા શહેરોમાં તાલુકા અથવા જિલ્લા કક્ષાએ સ્નેહ સંમેલન રાખવામાં આવશે, જેનાં ધ્વારા સભ્યો તેનાં

પરિવાર સાથે અન્ય સભ્યોને મળી શકશે જે તેમનાં સામાજીક અને વ્યવહારિક સંબંધો વધારશે.

(૧૨) આ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) સમાજનાં દરેક ભાઈ–બહેનોનાં આર્થિક અને સામાજીક હકકોનું રક્ષણ કરશે અને જરૂર પડે યથાયોગ્ય સમયે ભારતના બંધારણીય હકકોની રૂએ તેમને મદદરૂપ થવા તત્પર રહેશે.

(૧૩) ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ધ્વારા વાર્ષિક સ્નેહ સંમેલનમાં સમસ્ત દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજમાં ધોરણ–૧૦ અને ધોરણ–૧૨, મેડીકલ, એન્જીનિયર, એમ.ફીલ, પી.એચ.ડી. જેવા વાર્ષિક પરિણામોને આધારે તેજસ્વી તારલાઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે, જે બાબત ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ની નાણાંકિય સ્થિતિ જોઈ કારોબારી ધ્વારા નકકી કરવામાં આવશે.

(૧૪) સમસ્ત દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજમાંથી વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરનાર વિશિષ્ટ વ્યકિતઓનું ચૌધરી સમાજ રત્ન પુરસ્કારથી સન્માન કરવામાં આવશે.

(૧૫) સમાજનાં શિક્ષિત બેકાર યુવક–યુવતિઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ અન્ય બાબતો અંગે માર્ગદર્શન કેમ્પો શરૂ કરશે તથા કોચીંગ સેન્ટરો પણ ચલાવશે. ધંધાકીય રોજગાર માટે તાલિમ આપવી, બેરોજગારોને રોજી મળે તેવી તકો પુરી પાડવી.

(૧૬) ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ના સફળ સંચાલન માટે પગારદારોની નિમણૂંક કરશે અને તેનાં નિયમો બનાવશે.

(૧૭) કુદરતી–માનવસર્જીત આપત્તિઓમાં સમાજના બાંધવોને યથાયોગ્ય મદદનો પ્રબંધ કરવો.

(૧૮) આ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) તદ્દન બિનરાજકીય ધોરણે **(Govern by the Member for the Member of the Member)** સભ્યો વડે, સભ્યો માટે, સભ્યોથી ચાલતી જાહેર સંસ્થા તરીકે કામ કરશે. હોદ્દેદારો અગર તેઓના સગા–સબંધીઓ આ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) માંથી સીધો અંગત આડકતરી રીતે કોઈ લાભ લઈ શકશે નહીં. આ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) નો ઉપયોગ માનવીય મૂલ્યોનાં વિકાસ અને જતન માટે થશે. જેનો લાભ સમસ્ત દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજ/જાતિનાં લોકો લઈ શકશે.

(૧૯) આ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) રાજય, દેશ, પરદેશમાં સમાન ઉદૃેશો, હેતુઓ ધરાવતા મંડળો/સંસ્થાઓનો સાથ સહકાર સાધી શકશે, તેમની સાથે જોડાણ કરી શકશે.

(૨૦) આ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) નહીં નફો, નહીં નુકશાનનાં ધોરણે આર્થિક ઉત્કર્ષની કામગીરી બજાવશે.

(૨૧) માદરે વતનના વિકાસની યોજનાઓ ઘડશે અને તેનું સંચાલન કરશે.

(૨૨) પર્યટન, વિકાસ સાધક સ્પર્ધાઓ, જાહેર વ્યાખ્યાનો ગોઠવી સામાજીક શૈક્ષણિક આરોગ્ય અને આર્થિક ઉત્કર્ષની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપશે.

(૨૩) બીલ/એપ્લીકેશન કલેકશન સેન્ટરો ચલાવવા.

(૨૪) સમાજના લોકોને વ્યસનમુકત કરવા.

## ૧૦. ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) ની પ્રવૃત્તિઓ :

ઉપરોકત ધ્યેય પાર પાડવા માટે મહત્વની જણાય તેવી તમામ પ્રવૃત્તિઓ આ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) કરશે.